ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૩-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

નારાબાજી સામે ધર્માધ્યક્ષનો ધ્રુજારો

આગરા ખાતે નરેન્દ્ર મોદીની રેલી વખતે પ્રથમવાર સંભળાયેલો સૂત્રોચ્ચાર 'હર હર મોદી, ઘર ઘર મોદી' હુતાશનની જવાળાની જેમ દેશ આખામાં ગૂંજતો થયો ત્યાં સુધી ભાજપના કોઈ નેતાને એમાં ઔચિત્યભંગ કે અવિવેક જેવું વરતાયું નહોતું. આવા સૂત્રોચ્ચાર સામે જદ(યુ)ના પ્રવક્તા કે.સી. ત્યાગી અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહ સહિત અનેક લોકોએ વિરોધનો કે કટાક્ષનો સૂર જરૂર કાઢયો હતો પરંતુ ભાજપના ઉત્સાહી કાર્યકરોએ બમણા જોશથી મોદીને મહિમામંડિત કરવાનું ચાલુ જ રાખ્યું હતું. મોદી પણ એ નારાબાજીથી પોરસાતા હતા. ત્યારે એમને કલ્પના પણ નહીં હોય કે હિંદુત્વના હીરો બની વારાણસીની બેઠક પર ચૂંટણી લડવા જઈ રહેલા ગુજરાતી નેતા સામે ગુજરાતની જ ધર્મપીઠ- દ્વારકાની શારદાપીઠના શંકરાચાર્ય જગદ્‌ગુરુ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી સ્વરૂપાનંદ સરસ્વતી સખત શબ્દોમાં વાંધો ઉઠાવશે. મોદીને સાધુસંતોનું એક તરફી સમર્થન છે તે જગજાહેર છે. શ્રીશ્રઈ રવિશંકરથી લઈ પ્રમુખ સ્વામી, મોરારીબાપુ, રમેશભાઈ ઓઝા અને આસારામબાપુ વગેરેના આશીર્વાદ ભાજપ સાથે રહ્યાં છે. યોગગુરુ રામદેવ તો એમની સેના સાથે ખુલ્લંદુલ્લા મોદીને વડાપ્રધાન બનાવવાના એક સૂત્રી કાર્યક્રમમાં જોતરાઈ ગયા છે. આ તમામ પૈકી કોઈપણ ધર્મગુરુએ 'હર હર મોદી'ના નારા સામે ક્યારેય વાંધો ઉઠાવ્યો નહોતો, તે શું એમની મજબૂરી હશે? જગદ્‌ગુરુએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો ત્યારે પણ વિશ્વનાથ મંદિરના મહંત સિવાય આ પૈકીના કોઈ વરિષ્ઠ સાધુસંતે એમના સૂરમાં સૂર પુરાવવાની તસદી નથી લીધી તે શું સૂચક નથી? જગદ્‌ગુરુ શંકરાચાર્ય પૂર્વાશ્રમમાં સ્વાતંત્ર્ય સેનાની હતા અને તત્કાલીન કૉંગ્રેસના સદસ્ય પણ હતા. મોદીના મુરીદ જોશમાં આવી જઈ 'હર હર મોદી'ના નારા લગાવી એમને મહાદેવજી અને ગંગાજી સાથે યોજાતી શબ્દાવલીથી મહિમા મંડિત કરતા ફરે છે. શંકરાચાર્યજીએ આ મુદ્દે વાંધો લઈ ખુદ નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. પરંતુ એનો કોઈ પ્રતિસાદ નહીં સાંપડતાં એમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત સમક્ષ ફરિયાદ કરી ત્યારે આખો મામલો ગંભીર બની ગયો. આ મુદ્દે ભાગવતે પણ નારાજી વ્યક્ત કરી છે. ભારતને 'કૉંગ્રેસ મુક્ત' કરવા નીકળેલા મોદી શું દેશના હિંદુઓને મહાદેવ- મુક્ત બનાવી દેવા માગે છે? આ પ્રકારના વિરોધના સૂર અલબત્ત કૉંગ્રેસનાં વર્તુળોમાં જ ઊઠ્યા છે, પરંતુ મોદીને એની ગંભીરતા સમજાઈ ગઈ છે તેથી આ બાબત ટિવટર પર એમણે પ્રશંસકોના ઉત્સાહનો આદર કરી આવા નારાનો ઉપયોગ નહીં કરવાનું સૂચન કર્યું છે. ભાજપનાં પ્રવક્તાએ પણ આ નારો પાર્ટીનો નહીં હોવાનું નિવેદન કરીને વાતનો વીંટો વાળી લેવાની કોશિશ કરી છે. હિંદુ ધર્મના સર્વોચ્ચ વડા- દ્વિ પીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સામે વિવાદમાં ઊતરવું ભાજપને ભારે પડી શકે એમ હોઈ પાર્ટીએ હવે નવું સૂત્ર અપનાવ્યું છે : 'અબકી બાર મોદી સરકાર'- એ એમનું નવું સૂત્ર છે.

૨૩મી માર્ચ એટલે શહીદોને નમન કરવાનો દિવસ. ભારત દેશની આઝાદી માટે કેટકેટલાય શહીદોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું પરંતુ જયારે શહીદ ભગતસિંહ, શહીદ સુખદેવ અને શહીદ રાજગુરુને ફાંસી આપવામાં આવી ત્યારે આખો દેશ હચમચી ઉઠયો અને આ નવ યુવાનોના બલિદાનને કારણે એક એવો પ્રચંડ જન આક્રોશ ફાટી નીકળ્યો જેણે અંગ્રેજ સરકારના પાયા હચમચાવી નાંખ્યા. દર વર્ષે ૨૩મી માર્ચે આ શહીદવીરોને દેશ યાદ કરી વંદન કરે છે. ગાંધીનગરમાં પણ સેકટર-૫માં પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને જિલ્લાના તલવારબાજીના ખેલાડીઓ અમરસિંહ ઠાકોર, મિતેષ યાદવ, પાર્વતી ઠાકોર, નેહા શાહ, હેલી શાહ અને કિંજલ શાહ દ્વારા કેન્ડલ માર્ચ યોજીને શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ કરાયા હતાં.

હરિની દૃષ્ટિ...

કહું છું, ટીકીટ પાછી આપી આપણાં ધંધે લાગી જાવ, જે વિરોધી સાથે બાખડવાની મજા લેતાં હતા એ બધાને તમારે મિત્ર બનાવવા પડશે...!!

યુનિ.માં આજથી બીએડના પ્રવેશ ફોર્મનું વિતરણ કરાશે

અમદાવાદ, તા.૨૪

રાજયની અન્ય યુનિવર્સિટીઓમાં બીએડના પ્રવેશ ફોર્મ વિતરણ અને સ્વીકારવાની પ્રક્રિયા હાથ ધરાઈ ગઈ ત્યારે ગુજરાત યુનિવર્સિટીમાં પણ બીએડના પ્રવેશ ફોર્મના વિતરણ સાથે પ્રવેશ પ્રક્રિયાની શુભ શરૂઆત થવા જઈ રહી છે. યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને આવતીકાલથી પ્રવેશ ફોર્મનું વિતરણ યુનિવર્સિટી કેમ્પસના કન્ઝ્યુમર્સ સ્ટોરમાંથી કરાશે, જ્યારે તા. ૨૧ એપ્રિલ સુધીમાં ફોર્મ સ્વીકારવામાં આવશે. ઉલ્લેખનીય છે કે બીએડમાં બેઠકો જ ખાલી રહેતી હોવાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જેમ પ્રવેશ પરીક્ષા લેવાની વિચારણા ગુજરાત યુનિવર્સિટીએ પડતી મુકી છે. જેથી હવે વિદ્યાર્થીઓને મેરીટનાં આધારે પ્રવેશ ફાળવવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ પ્રાથમિક સ્કુલોમાં અપર પ્રાઈમરીમાં બીએડની લાયકાત ધરાવતા ઉમેદવારોને શિક્ષક તરીકે નિયુક્ત કરાઈ રહ્યા છે. આવા સંજોગોમાં ભૂતકાળમાં બીએડના અભ્યાસક્રમની માંગ ઓચી થઈ ગઈ હતી તે અભ્યાસક્રમની માંગમાં થોડો વધારો થયો છે. બીજી બાજુ લોઅર પ્રાઈમરી પીટીસ અભ્યાસક્રમ કરનાર ઉમેદવારોની છેલ્લા કેટલાક વર્ષોથી ભરતી ન કરાતા મોટી સંખ્યામાં પીટીસીની ડિગ્રી લઈને નોકરી શોધતા હજારો વિદ્યાર્થીઓ જોવા મળે છે. જેથી અપર પ્રાઈમરીમાં ભરતી થવા માટે બીએડ કરવા માંગતા વિદ્યાર્થીઓની સંખ્યામાં છેલ્લા બે વર્ષથી વધારો થયો છે. પરીણામે અત્યાર સુધી ટીવાયની પરીક્ષા બાદ શરૂ થતી બીએડની પ્રવેશ પ્રક્રિયા આ વર્ષે વહેલી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અંતર્ગત બીએડમાં પ્રવેશ માટેના ફોર્મનું વિતરણ આવતીકાલથી યુનિવર્સિટી કેમ્પસના કન્ઝ્યુમર્સ સ્ટોરમાંથી કરાશે. જ્યારે તા. ૨૧ એપ્રિલ સુધીમાં ફોર્મ સ્વીકારવામાં આવશે. સમગ્ર પ્રવેશ મે મહિનાનાં અંત સુધીમાં પૂરી કરાશે. બેઠકો ખાલી રહેશે તો કોલેજોને ભરવા માટે અપાઈ તેવી શક્યતા સત્તાવાર સુત્રોએ વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે રાજયની સૌરાષ્ટ્ર સહિતની યુનિવર્સિટીઓએ બીએડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરતા ગુજરાત યુનિવર્સિટીએ પણ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનું નક્કી કર્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ બીએડમાં પ્રવેશ આપતા પહેલા પ્રવેશ પરીક્ષા લીધી હતી. જેના પગલે ગુજરાત યુનિવર્સિટીએ પણ પ્રવેશ પરીક્ષા લેવાની સક્રિય વિચારણા હાથ ધરી હતી. પણ, ગયા વર્ષેબીએડમાં ચાર હજાર બેઠકો ખાલી રહેતા પ્રવેશ પરીક્ષા લેવાની પ્રક્રિયા પડતી મુકી હોવાનું સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું.

જિલ્લાના કલોલ ખાતે સ્વામીનારાયણ ગાદીના આચાર્ય પુરપોત્તમ પ્રિયદાસજી સ્વામીની અધ્યક્ષતામાં સ્વામીનારાયણ મંદિરનો શિલાન્યાસ સમારોહ યોજાયો હતો. પૂજનવિધિ પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજના વરદહસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે અમેરિકા, લંડન, આફ્રિકા સહિતના દેશના હરિભકતો ઉપસ્થિત રહ્યા હતા. હરિભકતોને સ્વામીજીએ જણાવ્યું હતું કે નૂતન શિક્ષણ સંસ્કાર સત્સંગ કેન્દ્રથી ભગવાનની ઉપાસના પ્રવર્તશે.

સે. ૧૬ની અંધશાળામાં ષષ્ટીપૂર્તિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સેક્ટર-૧૬ ખાતે આવેલ અંધશાળામાં ટ્રસ્ટી જયંતિભાઈ પટેલનો ષષ્ટીપૂર્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લાયન્સ કલબના પ્રમુખ કાર્તિકભાઈ કોન્ટ્રાક્ટર, મંત્રી ચંદ્રકાન્તભાઈ અને પાસ્ટ રીજીયોનલ ચેરપર્સન જે.ટી. પંચાલ સહિત પ્રફુલ્લભાઈ વ્યાસ, અરવિંદભાઈ વ્યાસ, તારકભાઈ લુહાર અને ભાસ્કરભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રસ્ટી જયંતિભાઈ પટેલે આ કાર્યક્રમમાં બાળકોને ભેટ આપી હતી તેમજ કાર્યક્રમના અંતે બાળકોને કેક અને ચોકલેટ ખવડાવી મોંઢું મીઠું કરાવ્યુ હતુ. કાર્યક્રમમાં કૈલાસભાઈ ગઢવીએ કવિતા દ્વારા જયંતિભાઈને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો જ્યારે જયંતિભાઈએ તેમના વકતવ્યમાં પોતાના જીવનના સંસ્મરણો વાગોળ્યા હતા.

સાબરકાંઠામાં શહિદ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

લક્ષ્મીપુરા, તા. ૨૪

આજથી ૨૭ વર્ષ પહેલા વિધાનસભા ઘેરાવ સમયે સાબરકાંઠાના ૧૭ ભાઈઓ અને ૨ બહેનો શહીદ થયા હતા. તેમની યાદમાં ખેડબ્રહ્મા તાલુકાના ભારતીય કિસાન સંઘ દ્વારા શહીદ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા, રામનગર, ગોતા, ચિખલા, દામાવાસ, દેલવાડા, મેગોલ સહિત ગામોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાબુભાઈ પટેલે જણાવ્યું હતુ કે દરેક તાલુકા મથકે પ્રતિનિધિ સભ્યોની નોંધણી કરવામાં આવશે તેમજ તાલુકા મથકે સંઘનું કાર્યાલય બને તેના ઉપર ભાર મુકવા જણાવ્યું હતું.

દિલ્હી સ્વયંવર- ૨૦૧૪

કોણ જીતશે? કોણ હારશે?
કન્યા દિલ્હીની વરમાળા કોને પહેરાવશે?
મેદાનમાં કમળ છે, પંજો છે, ઝાડુ છે.
માયા, મમતા અને તામિલનાડુ છે.
કોઈ કીંગ, કોઈ વજીર
હાથી, ઘોડા, ઊંટની સવારી છે,
પ્યાદાઓની મારામારી છે.
ક્યાંક કાંકરીચાળો, ઘોલઘપાટ,
દંડાદંડીના સમાચારો છે.
મિડિયાનો મારો,
આગ આંકતા અખબારો છે.
કોણ કોને હરાવશે?
કન્યા દિલ્હીની વરમાળા કોને પહેરાવશે?
અમ્માને ઘણી ખમ્મા!
નાના હોડકે મોટા સાગર તરવા છે!
બંધારણ બાજુએ મૂકી
કેજરીને ઝાડુથી સૌને સરખા કરવા છે.
ભૂલી જાઓ, મોંઘવારી ભ્રષ્ટાચાર!
રાહુલના ઘાંઘરીયા પંજાના હોબાળા છે.
ગુજરાત મોડેલ રાષ્ટ્રવિકાસ
મોદીના સધિયારા કમળના સરવાળા છે.
લાલુની લપેટ, નીતિશના દાવપેચ,
મુલાયમના ભુરકા, માયાના નુશ્ખા
મમતાના કુહાડા, શિવજીના ફૂંફાડા
કોને બચાવશે? કોને તારશે?
કન્યા દિલ્હીની વરમાળા કોને પહેરાવશે?

- ડો. અંબાલાલ પ્રજાપતિ

૨૦૦૧માં ભૂંકપમાં અસરગ્રસ્ત બની હતી

બીવીડી સ્કુલ દ્વારા પરવાનગી વગર જ બાંધકામ થતા અરજી

અમદાવાદ, તા.૨૪

રાજયની સૌથી વિનાશક ભૂકંપની ઘટનામાં અસરગ્રસ્ત થયેલી અમદાવાદ સ્થિત ઘોડાસર વિસ્તારની બીવીડી પ્રાઈમરી એન્ડ સેકન્ડરી સ્કુલના બિલ્ડીંગ પર સ્કુલ સત્તાધીશો દ્વારા કોઈપણ પ્રકારની પરવાનગી વગર ત્રણ માળનું બાંધકામ કરવામાં આવતા સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જીવનું જોખમ છે તે મતલબનો આક્ષેપ કરતી ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરાઈ છે. બીવીડી સ્કુલ વિરૂદ્ધ કલ્પેશ રમેશચંદ્ર વ્યાસ દ્વારા જાહેરરિતની અરજી કરવામાં આવી છે. અરજીમાં તેમણે જણાવ્યું છે કે વર્ષ ૨૦૦૧માં આવેલ વિનાશક ભૂંકપે બીવીડી સ્કુલને નુકશાન પહોંચાડ્યું હતું, પણ સ્કુલ સત્તાધીશો દ્વારા અસરગ્રસ્ત સ્કુલ પર બાંધકામ અંગેનો પ્લાન મંજુર કરાવ્યા વગર તથા કોઈપણ પ્રકારની બિલ્ડીંગના વપરાશ અંગેની પરવાનગી લીધા વગર જ બિલ્ડીંગ પર ત્રણ માળનું બાંધકામ કરવામાં આવ્યું છે જેનાથી સ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓને જીવન જોખમ રહેલું છે. અરજદારે સ્કુલ દ્વારા કરવામાં આવેલા બાંધકામ અંગે માહિતી અધિકાર કાયદા હેઠળ અરજી કરી વિગતો મેળવી હતી. આરટીઆઈની અરજીમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી.

અરજીની માહિતીમાં જણાવવામાં આવ્યું હતું કે સ્કુલને બિલ્ડીંગના વપરાશ અંગેની પરવાનગી આપવામાં આવી નથી. ઉપરાંત એએમસી દ્વારા સ્કુલને પહેલા માળના બાંધકામ અંગેના પ્લાનની પણ પરવાનગી આપવામાં આવી ન હતી. અરજદારે સ્કુલ સામે પગલા ભરવા એએમસી, શિક્ષણ વિભાગના મુખ્ય સચિવ અને જિલ્લા શિક્ષણ અધિકારી ઉપરાંત તેઓએ કાર્યવાહી ન કરતા શિક્ષણમંત્રીને પત્ર લખી કાર્યવાહી કરવા અરજ કરવામાં આવી હતી પરંતુ ઉપરોક્ત તમામ અરજદારની વાત પર કોઈ કાર્યવાહી ન કરતા અરજદારે આખરે કંટાળી ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરી હતી.

બ્લેક બેલ્ટ એવોર્ડ મેળવ્યો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સ્થિત કડી કેમ્પસ સેકટર-૨૩ ખાતે લલિતકલા એકેડમી અને મમતા સ્પોર્ટસ સેન્ટર દ્વારા તાલીમાર્થીને બ્લેક બેલ્ટ એવોર્ડ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી અને સરકારમાં વેટરનરી ઓફિસર તરીકે ફરજ બજાવતા મહેશભાઈ પટેલના સુપુત્ર હર્ષ પટેલને કડી સર્વ વિદ્યાલયના શિક્ષણ વિભાગના ડીન વિણાબેન પટેલના હસ્તે બ્લેક બેલ્ટ એવોર્ડ આપવામાં આવ્યો હતો. હર્ષે અગાઉ રાજય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની કરાટે સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક મેળવેલ છે.

એક શિક્ષકનો શિક્ષકમિત્રોને પત્ર

ચિંતન-ગરિમા

- ડો. આર.જે. વ્યાસ

એક શિક્ષકના નાતે શિક્ષક મિત્રો સાથે સહચિંતન કરવાનું મન થાય એ સ્વાભાવિક છે. આપણે સૌ શિક્ષણના પવિત્ર વ્યવસાયમાં જોડાયા છીએ અને પ્રશિક્ષણ સંસ્થાના હજારો વિદ્યાર્થીઓ પણ પ્રશિક્ષણ લઈ આપણી સાથે જોડાવા થનગની રહ્યા છે એ પણ એક આનંદની વાત છે. પરંતુ શાળા-મહાશાળાઓમાં આજે વિદ્યાર્થીઓની જે મૂક મનોવેદના છે અને શિક્ષણ ક્ષેત્રને ચો-પાસ વગોવાતું જોઈએ છીએ ત્યારે આપણને આત્મ ચિંતન કરવાની ફરજ પડે છે.

શિક્ષણના ક્ષેત્રમાં કેળવીકારોએ ગહન ચિંતા, મનન અને દોહન કરી ઊંડી વેદનાને વાચા આપી છે તેમને સમજવાનો અને આપણા વર્તન-વ્યવહારને પુનઃ મુલવવાનો એવં જવાબદારી પૂર્વક પ્રયાસ કરવાનો સમય પાકી ગયો છે. તો આવો કેટલાક મહાન કેળવણીકારો, ચિંતકોના શબ્દોને સથવારે આપણા શિક્ષકત્વને પુનઃ ક્રિયાન્વિત કરવાની પ્રેરણા પ્રગટાવીએ...

બ્રાઝિલના વિશ્વવિખ્યાત કેળવણીકાર શ્રી પાઠેલો ફ્રેઈર આપણી શિક્ષણ પદ્ધતિ વિશે શું કહે છે? 'શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીઓના મગજમાં વિષયવસ્તુ ઠાંસવા પૂરતું મર્યાદિત બની ગયું છે અને આ જ્ઞાન પણ જીવનસ્પર્શી વાસ્તવિકતાથી વંચિત હોય છે. ફ્રેઈર માને છે કે શિક્ષણ એક ડિપોઝીટ મુકવાનું કાર્ય બની ગયું છે. વિદ્યાર્થીઓના મગજ ખાનામાં વિષય વસ્તુને મૂકવાનો પ્રયાસ થાય છે અને તે માહિતી વિદ્યાર્થીઓ પોતાની નોટબૂકોમાં ડિપોઝીટ કરી દે છે! જેને જીવનની વાસ્તવિકતા સાથે સ્નાન સૂતકનો પણ સંબંધ રહેતો નથી.

શિક્ષક- વિદ્યાર્થી વચ્ચેના સંબંધો વિષે પાઉલો કહે છે કે, આજે તો કોઈપણ કક્ષાએ શિક્ષક- વિદ્યાર્થીઓના સંબંધો માત્ર પાઠ્યપુસ્તકનો કોર્ષ પૂરો કરવો અને નોંધ પ્રવૃત્તિ પૂરતા મર્યાદિત બન્યા છે. કેળવણી ચિંતકના આ વિચારને આપણે આત્મદર્શન કરી સ્વ-મૂલ્યાંકન કરતાં રહેવું અનિવાર્ય છે. ભાષા, વિજ્ઞાન, ગણિત, સમાજવિદ્યા વિષય માધ્યમ દ્વારા આપણે જે કંઈ જ્ઞાન આપીએ તે માત્ર માહિતીની પોટકી કે બહ્માડંબર તો નથી ને? આ માટે જવાબદારી પૂર્વક વિચારવું જોઈએ. જ્ઞાનની પ્રત્યેક બાબતને જીવનલક્ષી વાસ્તવિકતા સાથે સાંકળી તેમને સ્વતઃ ઉન્નતિના માર્ગે દોરી શકે એવી પ્રયુક્તિઓ, પ્રવૃત્તિઓ અને અનુભવોની આપ-લે કરવી પડશે.

જે.કૃષ્ણામૂર્તિના શિક્ષણ સંદર્ભે ચિંતન કરતાં એ સ્પષ્ટ થાય છે કે શિક્ષકે વિદ્યાર્થીને મનોવૈજ્ઞાનિક રીતે સમજવો જોઈએ. વિદ્યાથીઓના અહમને પ્રસ્થાપિત કરી તેમના શક્તિપૂંજને શ્રદ્ધાપૂર્વક બહાર લાવવાના પ્લેટફોર્મને પૂરું પાડવા તરફ જે. કૃષ્ણમૂર્તિના અંગુલિનિર્દેશને ધ્યાનમાં લેવો જ રહ્યો.

પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીમાં શિષ્ય ગુરુ-આશ્રમમાં રહીને શિક્ષણ પ્રાપ્ત કરતો. તે સમયે શિષ્ય ગુરુના સંબંધો અત્યંત પવિત્ર, આદરણીય, વિનય-વિવેકપૂર્ણ, પારિવારિક અને આત્મીય હતા. આજે આ નિર્મળ પ્રેમ સભર સંબંધો શાળા-મહાશાળાઓમાં જોવા મળતાં નથી ખરું ને? ભલે આજના શિષ્યો આશ્રમમાં રહીને અધ્યયન કરતાં નથી તેમ છતાં ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધોમાં અતૂટ સ્નેહસભર અને સચ્ચાઈપૂર્વકના સંવેદનશીલ બનાવવામાં કોઈ અંતરાળ ન જ નડવા જોઈએ. તો જ શિષ્યોમાં ગુરુ પ્રત્યે અપાર પ્રેમ સર્જાશે.

હવે આપણે બીજા કેળવણીકાર અને તત્વચિંતક શ્રી હંગેને મળીએ. આ મહાનુભાવની પણ આપણા માટે ફરિયાદ છે, જે સાંભળ્યા પછી આપણને એમાં વજુદ જણાશે. વર્ગમાં કહેવાતી શિસ્તના બંધનમાં જકડાયેલા આ નિર્દોષ બાળકોને નિહાળી તે કહે છે કે... 'બિચારા આ નિર્દોષ નિખાલસ વિદ્યાર્થીઓ! ગુલામીની જેમ પરાયા બનીને શિક્ષકના અસ્તિત્વની સાર્થકતા પૂરવાર કરતા હોય તેમ પોતાના અભ્રાનનો સ્વીકાર કરે છે અને શિક્ષકોની સર્વોપરિતા આગળ પોતાના મનન-ચિંતન અને તર્કના દ્વારને હંમેશ માટે બંધ કરે છે.

હેંગેલના આ કથન સાથે પણ આપણે મહદઅંશે કબૂલાત કરવી જ રહી. ઉછળકૂદ કરતાં અને વિદ્યુતવેગી તર્કશક્તિને ખિલવવા થનગનતા વિદ્યાર્થીઓ સમક્ષ લે-કચર પદ્ધતિથી જ શિક્ષમકાર્ય કરી આપણે શું તેમને નિષ્ક્રિયતામાં સરકાવી તેમની વૈચારિક શક્તિ પ્રત્યે અવિશ્વાસ રાખી એજ પરંપરાગત રૂઢિગત શિક્ષમ પદ્ધતિ અપનાવી વિદ્યાર્થીઓને બોર કરી મૂકવામાં શું બાકી રાખ્યું છે? આ હકીકતને પણ ગંભીરતા પૂર્વક વિચારવાની શું જરૂર નથી?'

ક્યારેક આપણે કેટલીક બાબતોને વિસારે પાડી, તેના પ્રત્યે આંખ આડા કાન કરી કે મોજવૃત્તિથી ચાલશે. એમ મન મનાવી નિભાવી લેવાના મનોવલણ ધરાવતા થઈ જઈએ છીએ. પરિણામ સ્વરૂપે આપણે કર્તવ્યવિમુખ બની જઈએ છીએ. આટલું જ નહીં પરંતુ તે 'ચાલશે'નો પ્રતિઘોષ વિદ્યાર્થીઓમાં જન્મતાં તેઓ પણ ફરજમુકત-કેળવણી મુક્ત બને છે ત્યારે આપણું રૂંવાડું પણ ફરકતું નથી!

આવી પરિસ્થિતિને માગ નભાવી જોયા જ કરીએ ત્યારે Empire of the Air ના સર્જક વિસ્કાઉન્ટ ટેમ્બલવુડના શબ્દોને શાંત ચિત્તે વિચારી લઈએ. આ શિક્ષણપ્રેમીએ સત્ય જ કહ્યું છે... 'નિવારવા જેવું પાપ માત્ર અસહિષ્ણુતા જ નહીં પણ આપણી બેદરકારી અને મોહવૃત્તિ. જે બાબતોને આપણે ચીલાચાલુ રીતે મોજથી નભવા દીધી.' બસ, આપણા (શિક્ષક પક્ષે) કે વિદ્યાર્થીપક્ષે ચલાવી લેવાની આ નિમ્નભાવના આપણા કે વિદ્યાર્થીઓના જ્ઞાનસ્તરને કેટલું નીચે લાવી દે છે? તેમનામાં ગેરશિસ્ત, અવિનય, અવિવેક અને અસભ્યતાના આવરણથી છવાઈને જીવન પ્રત્યેની શ્રદ્ધા તેઓ ખોઈ બેસે છે? આ અને આવા અનેક દૃષ્ટાંતો-પરિણામોને પ્રેક્ષકરૂપે નિહાળતા આપણે સાક્ષીરૂપ બનીએ છીએ એ ચિંતન પણ વિસારે પાડવા જેવું નથી જ.

માટે શિક્ષક મિત્રો, એક શિક્ષક તરીકે સતત આત્મસંશોધન કરી શિક્ષણ પદ્ધતિ, વર્ગવ્યવહાર (Class-room Interaction)સુધારી વિદ્યાર્થીઓની શક્તિમાં શ્રદ્ધા સેવી વિદ્યાર્થીઓના જીવન ઘડતર દ્વારા તેમનાં વ્યક્તિત્વ વિકાસને ઉજાગર કરી Job Satisfaction નો સાચો આનંદ માણવાની ઊર્જા પ્રાપ્ત કરીએ એ જ અંતરની શુભેચ્છા.